નીલક્રાંતિ (કેન્દ્ર પુરસ્કૃત) યોજના હેઠળ દરિયાઈ સાધનો પુરા પાડવા અન્ય પુર્વ જરુરી સવલતો પુરી પાડવાની યોજના તળે ઊંડા દરિયાની માછીમારી માટે સહાય (૧૦૩/૧૫)ની (મહેસુલી ખર્ચ)માટેની જોગવાઇને સને ૨૦૧૮-૧૯ માટે નવી બાબત તરીકે વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- એફડીવી/૧૩૨૦૧૮/૪૮/ટ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૭/૦૪/૨૦૧૮

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ- ગુમ/ટ/ઈ-૧/નવી બાબત/૨૦૧૭-૧૮/૨૭૩૦, તા.૨૦/૦૧/૨૦૧૮

(૨) મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ- ગુમ/ટ/ઈ-૧/નવી બાબત/૨૦૧૭-૧૮/૩૪૩૬, તા.૨૭/૦૩/૨૦૧૮

<u>ઠરાવઃ-</u>

૧. વંચાણે લીધેલ ક્રમ- (૧) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીના પત્રથી નીલક્રાંતિ (કેન્દ્ર પુરસ્કૃત) યોજના હેઠળ દરિયાઈ સાધનો પુરા પાડવા અન્ય પુર્વ જરુરી સવલતો પુરી પાડવાની યોજના તળે ઊંડા દરિયાની માછીમારી માટે સહાય (૧૦૩/૧૫)ની નવી બાબત (મહેસુલી ખર્ચ)માટે સને ૨૦૧૮-૧૯ના વર્ષ માટે નવી બાબતની મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી.

૨. વંચાણે લીધેલ ક્રમ- (૨) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીના પત્રથી નીલક્રાંતિ (કેન્દ્ર પુરસ્કૃત) યોજના હેઠળ દરિયાઈ સાધનો પુરા પાડવા અન્ય પુર્વ જરુરી સવલતો પુરી પાડવાની યોજના તળે ઊંડા દરિયાની માછીમારી માટે સહાય કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ ભારત સરકારના ૨૪ % હિસ્સા પેટે રૂ.૧૯૨૦.૦૦ લાખ અને રાજ્ય સરકારના ૩૮.૫ % હિસ્સા પેટે રૂ.૩૦૮૦.૦૦ લાખ એમ મળીને રૂ.૫૦૦૦.૦૦ લાખની મહેસુલી સદર હેઠળની નવી બાબતની જોગવાઈને વહીવટી મંજુરી આપવા દરખાસ્ત કરેલ છે. આ યોજના હેઠળ ડીપ સી ફીશીંગ માટે તૈયાર થનાર બોટ માટે સહાય આપવા દરખાસ્ત કરેલ છે. રાજ્યના દરિયાઈ પ્રાદેશિક જળ વિસ્તારની આગળ અને એક્સક્લુઝિવ ઇકોનોમિક ઝોન વિસ્તારમાં ઊંડા દરિયામાં માછીમારી કરવાની વિપુલ તકો રહેલી છે. આ ઊંડા દરિયામાં ટારગેટેડ ફીશીંગ જેવી કે હુક અને લાઈન, ટ્યુના ફીશીંગ અને અન્ય પધ્ધતિથી થતી માછીમારી કરવાથી વધુ મત્સ્ય ઉત્પાદન મેળવી શકાશે. તેમ જ આ પ્રકારની માછીમારીથી મચ્છીના નાના બચ્ચા/જુવેનાઈલની મત્સ્ય પકડાશ થશે નહિ તેનાથી મત્સ્ય સંપતિનું રક્ષણ અને સંરક્ષણ થશે.

પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં નીલક્રાંતિ (કેન્દ્ર પુરસ્કૃત) યોજના હેઠળ દરિયાઈ સાધનો પુરા પાડવા અન્ય પુર્વ જરુરી સવલતો પુરી પાડવાની યોજના તળે ઊંડા દરિયાની માછીમારી માટે સહાય કેન્દ્ર પુરુસ્કૃત યોજના હેઠળ ભારત સરકારના ૨૪ % હિસ્સા પેટે રૂ.૧૯૨૦.૦૦ લાખ અને રાજ્ય સરકારના ૩૮.૫ % હિસ્સા પેટે રૂ.૩૦૮૦.૦૦ લાખ એમ મળીને રૂ.૫૦૦૦.૦૦ લાખની મહેસુલી સદર હેઠળની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતોઃ-

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રેહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસિંગ બાબતમાં ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ, તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે "ઈ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ મંજુરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પર્વતમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૯) લાભાર્થી ગુજરાત રાજ્યનો વતની હોવો જોઈએ.

(૧૦) હયાત ફીશીંગ બોટ ૧૨ મીટરથી વધુ લંબાઈની ઓનલાઈન રજીસ્ટ્રેશન થયેલી હોવી જોઈએ તથા લાયસન્સ ધરાવતી અને ચાલુ હાલતમાં હોવી જોઈએ.

(૧૧) આ યોજના હેઠળ સબસીડી સહાયનો લાભ લઈને બનાવવામાં આવેલી બોટ ડીપ સી ફીશીંગ માટે જ ઉપયોગ કરવાનો રહેશે.

(૧૨) અરજદારની હયાત ફીશીંગ બોટની ભૌતિક ચકાસણી જિલ્લા કચેરી દ્વારા કરેલી હોવી જોઈએ.

(૧૩) આ યોજના હેઠળ સબસીડી સહાયનો લાભ લઈને બનાવવામાં આવેલી બોટનો ઉપયોગ પ્રાદેશિક જળ વિસ્તારની બહાર કરવાનો રહેશે.

(૧૪) "Deep Sea Long line and Gill net" થી માછીમારી કરવ. માટે પ્રમાણભૂત દરિયાઇ યોગ્યતા ધરાવતી લાકડા/FRP/ સ્ટીલ મટીરિયલની ડેક લેઆઉટ સાથે ડીપ-સી ફિશીંગ બોટ બનાવવાની રહેશે.

(૧૫) બોટના બાંધકામ પહેલા વ્યકિગત લાભાર્થી દ્વારા સુચિત ડિઝાઈનને મંજૂરી મેળવવાની રહેશે.

(૧૬) લાભાર્થીએ બેંક લોન મેળવવાની રહેશે (Bankable Project).

(૧૭) સહાયનું ધોરણ ડીપ સી ફીશિંગ વેસલની યુનિટ કિંમત રૂા. ૮૦.૦૦ લાખ ડીપ સી ફીશિંગ વેસલની પર ચૂકવવાની જતી સહાય રૂા. ૫૦.૦૦ લાખ ભારત સરકારશ્રીની ૬૦% સહાય રૂા. ૧૯.૨૦ લાખ રાજ્ય સરકારશ્રીની સહાય ૪૦% રૂા. ૩૦ .૮૦ લાખ લાભાર્થીનો ફાળો ૬૦% લેખે રૂા.૩૦ .૦૦ લાખ

(૧૮) . સબસીડી સહાયલાભાર્થીનાં બેંક ખાતામાં/લોન એકાઉન્ટમાં જમા કરવામાં આવશે.

(૧૯) છેલ્લા તબક્કાના રીલીઝ માટે લાભાર્થીએ પોતાની હયાત બોટનો નિકાલ/નાશ કરવાનો રહેશે.

(૨૦) ડીપ સી ફીશીંગની ડીઝલ વેટ રાહત મળવાપાત્ર રહેશે નહી.

(૨૧) નીચે મુજબની વસ્તુઓ/આઇટમ પર સહાય આપવામાં આવશે.

૧. હલ તૈયાર કરવા માટે જરૂરી મટીરિયલ (૨૦ મીટર ઉપરનાOAL ધરાવતી, દરિયાઇ ગ્રેડનાલાકડા/એફઆરપી/ સ્ટીલ મટીરીયલની ખરીદી માટે )

૨. ૧૫૦ હોર્સ પાવર કે તેથી વધુનુ એચ.પી. મરીન એન્જીન

૩. રેફીજરેટેડ સી વોટર/સ્લરી આઈસ યુનિટ (કુલીંગ કોઇલ અને ૨મે. ટન કેપેસીટી વાળુ કોમ્પ્રેસર)

૪. રેફીજરેટર ફીશ હોલ્ડ/ ચિલ્ડ સ્ટોરેજ: (૨૦-૩૦ મી કેપીસીટી ૨૫૦ કી.ગ્રા બેઇટ)

૫. સહાયક/ સંલગ્ન એન્જીન :

૬. ૨૦૦ કીલોગ્રામ ગીલ નેટ

૭. ૧૦૦૦ નંગ લોન્ગ લાઈન હુક

૮. લાઈફ સેવિંગ ઇકવીપમેન્ટ (૧૦ વ્યકિતના લાઇફ જેકેટ, લાઇફ બોયા)

૯. નેવિગેશન અને કોમ્યુનિકેશન સાધનો (નેવીગેશન ચાર્ટ,મેગ્નેટ-કંપાસ, જીપીએસ, ડેટ,VHF/HF Sets, ઇકો સાઉન્ડર)

આ યોજનાનું બજેટ સદર નીચે પ્રમાણે રહેશે.

માંગણી નં : ૦૬

સેકટર : (ગ):આર્થિકસેવાઓ

સબસેકટર : (ક):કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ (બજેટ બુક પ્રકાશન નં.-૩)

મુખ્ય સદર: ૨૪૦૫ મત્સ્યોધોગ

ગૌણ સદર : ૧૦૩-

પેટા સદર : (૧૫) - બ્લ્યુ રીવોલુશન કાર્યક્રમ અંતર્ગત મત્સ્યોદ્યોગનો સંકલિત વિકાસ અને વ્યવસ્થાપન

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી (ખર્ચ ) ની તા. ૦૫/૦૪/૨૦૧૮ની નોંધ થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એ.દેશમુખ)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી, (મત્સ્યોધોગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૨) માન.રા.ક.મંત્રીશ્રી (મત્સ્યોધોગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર

(૩) સચિવશ્રી, (મત્સ્યોધોગ) ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર

(૪) મત્સ્યોધોગ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

(૫) નાયબ મત્સ્યોધોગ નિયામકશ્રી, અમદાવાદ / વડોદરા / સુરત / રાજકોટ / વેરાવળ

(૬) નાણાં સલાહકારશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) મહાલેખાકારશ્રી,ગુજરાત રાજ્ય, રાજકોટ

(૮) ઉપ મહાલેખાકારશ્રી (ઇએસ-૧) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ(ઇ એન્ડ એસ ઓડીટ) ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ, ગુજરાત

(૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

(૧૦) નિવાસી તપાસણી અધિકારીશ્રી,ગાંધીનગર

(૧૧) સેકશન અધિકારીશ્રી, આયોજન શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૨) સેકશન અધિકારીશ્રી, આઇ.ટી. શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૩) સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૪) સીલેકટ ફાઇલ.